# હરખ ભિના હરિએ ભક્તોને પણ હરખાવ્યા










**ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભાવિકોના ઉમળકા વચ્ચે શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન : મેઘરાજાએ ભગવાન પર હેત વરસાવ્યુ: ઠેર ઠેર અમી છાંટણા થયા : રથયાત્રામાં કલાત્મક બગીમાં સવાર શિવ પાર્વતી અને પરશુરામની વેશભુષામાં સજ્જ બાળકો અને ટેકવેન ડો ના પ્રયોગો આકર્ષણનુ કેન્દ્ર બન્યા : કોરોના કાળમાં બે વર્ષના અંતે ભગવાન નગરચર્યાએ નિકળતા ભાવિકોએ ઠેર ઠેર ઉમળકાભેર સ્વાગત કર્યુ : મોસાળ જલારામ ધામમાં હજારો ભાવિકોએ મોહનથાળ અને ખીચડીના મહાપ્રસાદનો લાભ લીધો : નિયત રૂટમાં ભગવાનની રથયાત્રા આગળ વધી સાંજે નિજમંદિર પહોંચી**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં બે વર્ષના અંતે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નિકળી હતી સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર પરિસરમાં આરતી અને પુજા વિધી બાદ જય રણછોડ.. માખણચોર.. ના જયઘોષ વચ્ચે જગન્નાથજીના દિવ્ય રથનુ સવારે ૭ કલાકે પ્રસ્થાન થયુ હતુ. ભગવાનના દિવ્ય રથ સાથે કલાત્ક બગી ઘોડેસવાર યુવાનો , ડી જે અને બેન્ડ સહીત ટેકવેન ડો અને અખાડાના કરતબો ઉપરાંત શિવ પાર્વતી અને પરશુરામની વેશભુષામાં સજ્જ બાળકો સહીતના અનેક આકર્ષણો સાથે આગળ વધતી રથયાત્રાનુ સેકટરોમાં ઠેર ઠેર ભાવિકોએ ઉમળકાભેર સ્વાગત કર્યુ હતુ. રથયાત્રાની સાથે સતત પોલીસના જવાનો મહીલા પોલીસ અને પોલીસ જીપનો પહેરો જોવા મળ્યો હતો. સેકટરવાસીઓએ ઠેર ઠેર કંકુ , ચોખા અને પુષ્પોનો વરસાદ કરી રથયાત્રાના હેતે ઓવારણા લીધા હતા જયારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ મેઘરાજાએ પણ ઠેર ઠેર અમીછાંટણા વરસાવી સ્વાગત કર્યુ હતુ. સાંજે સે-૨૪ માં વરસાદનુ ધોધમાર ઝાપટુ વરસતા ભગવાનનો રથ અને ભાવિકો પણ હેતે ભીંજાયા હતા. સેકટરોમાં નગરચર્યા દરમિયાનએ મોટી સંખ્યામાં ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. સેકટરોના રૂટમાં ઠેર ઠેર ભાવિકો માટે ઠંડા પાણી, છાશ અને ચા ની પણ વ્યવસ્થા સેવાભાવી આગેવાનો દ્વારા કરવામાં આવી હતી. શાંતિપુર્ણ માહોલમાં રથયાત્રા સંપન્ન થઈ હતી જો કે નિજમંદિરે નિયત સમય કરતા અડધો કલાક મોડી પહોંચી હતી. સે-૨૨ પંચદેવ મંદિરના યુવાનો અનોખી શ્રધ્ધા ભકિત સાથે ભગવાન જગન્નાથજીના જયઘોષ કરતા ભગવાનનો દિવ્ય રથ આગળ વધારતા જોવા મળ્યા હતા.

ગાંધીનગરમાં સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરના પ્રાંગણમાંથી જય રણછોડ .. માખણચોરના જયઘોષ સાથે આજે સવારે ૭ કલાકે ભગવાન જગન્નાથજીની ૩૮ મી રથયાત્રા નિકળી હતી. ભાવિકોની વિશેષ હાજરી વચ્ચે ભગવાન જગન્નાથજીની ભવ્ય આરતી કરવામાં આવી હતી. મંદિર સંકુલમાં નગરના અગ્રણીઓની હાજરી વચ્ચે ભાવિકોની ભીડ ઉમટી હતી. આરતી અને પુજાવિધી બાદ ભગવાન જગન્નાથજી , ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના રથનુ પ્રસ્થાન થયુ હતુ. મંદિરમાંથી ભગવાનનો દિવ્ય રથ આગળ વધતા આગળ રથયાત્રા સમિતિની કાર, પોલીસની ચાર જીપ ઉપરાંત પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીનો રથ સાથે ચાર ઘોડેસવાર યુવાન , બે કલાત્મક બગી, ડી જે , બેન્ડ, ઉંટલારીઓ, ટ્રક, ટ્રેકટર, સહીત અન્ય કાર સહીતના ૫૦ થી વધુ વાહનો જોડાયા હતા. રથયાત્રામાં વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનો , વિવિધ પ્રકારના ટેબ્લો પણ જોડાયા હતા. આ ઉપરાંત અમદાવાદ અખાડાનો ટ્રક પણ રથયાત્રામાં સામેલ હતો. સે-૨૨ પંચદેવ મંદિરથી પ્રસ્થાન થઈને ભગવાન જગન્નાથજીની રથયાત્રા સેકટરના વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર પાસે થઈને સે-૨૨ શોપિંગ સેન્ટર પહોંચી હતી. સેકટરના શોપિંગમાં રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. સવારના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે રથયાત્રામાં જોડાયેલા ભાવિકોની નજર સતત નભ તરફ પણ મંડરાયેલી રહેતી હતી. જય રણછોડ .. માખણચોરના જયઘોષ સાથે રથયાત્રા આગળ નિકળતા સેકટર-૨૨ ના રહીશો પણ ભગવાનના દર્શન માટે રૂટ તરફ દોડી આવ્યા હતા. જયાંથી સે-૧૭ :૨૨ થઈને યાત્રા સે-૧૭ હનુમાન મંદિર તરફના માર્ગે આગળ વધતા સે-૧૭ શોપિંગથી આગળ વધીને રથયાત્રા હનુમાન મંદિર પહોંચી હતી. જયાં મંદિરના પુજારીએ ભગવાન જગન્નાથજીની આરતી અને પુજાવિધી કરી હતી. સે-૧૭ થી રથયાત્રામાં ભાવિકોની સંખ્યા થોડી વધી હતી. ભગવાનનો રથ આગળ ડિ જેના સુર અને બેન્ડની સુરાવલી સાથે ભાવિકોને રથયાત્રા આગળ વધી રહી હોવાનો અહેસાસ થઈ જતો હતો જેના લીધે ભગવાનના દર્શન કરવા માટે સેકટરવાસીઓ રૂટમાં ગોઠવાઈ જતા હતા. સે-૧૬ માં નાગરિક બેંક પાસે રથયાત્રાના સ્વાગત બાદ રથયાત્રા સે-૧૬ માં પહોંચી હતી જયાં સેકટરના રહીશો અને વેપારીઓ પણ રથયાત્રાના સ્વાગત માટે ઉત્સુક જોવા મળ્યા હતા. ત્યારબાદ સે-૧૬ના બાલાજી મંદિર થઈને રથયાત્રા બ્રહ્મભવન થઈને આગળ રૂટમાં ફેરફાર કરાયા મુજબ ફતેપુરા તરફ આગળ વધી હતી આ જગ્યાએ રથયાત્રાના રૂટમાં આસપાસ કતારમાં ગોઠવાયેલા ગ્રામજનો તેમજ શ્રમિકોએ ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. યુથ હોસ્ટેલ અને સરકારી કોલેજ વાળા માર્ગ પર થઈને મહાત્મા

**અનુસંધાન પાના નં. ૭ પર**

## ગાંધીનગર-કલોલમાં રાત્રે નવ વાગ્યા સુધીમાં ૧૦ મી.મી. વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર અને કલોલ તાલુકામાં આજે હળવો વરસાદ નોંધાયો છે. માણસામાં થોડાક છાંટા પડ્યાના અહેવાલો મળ્યા છે.

ગાંધીનગર અને કલોલમાં આજે રાતે ૯ વાગ્યા સુધીમાં ૧૦-૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં હજુ વાવણીલાયક વરસાદ થયો નથી. જો કે આજે રથયાત્રાના દિવસે થયેલા વરસાદથી લોકોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગે ૧, ૨, ૩ જુલાઈના રોજ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદનું હવામાન-પૂર્વાનુમાન કર્યુ હતુ. જિલ્લામાં ૨જીના રોજ વરસાદ થવાના સંકેતો છે. વરસાદ બાદ થોડોક ઉકળાટ પણ વધ્યો છે.

# કોરોના વિકરાળ બન્યો : શહેરમાં ૩૨, ગ્રામ્યમાં ૧૧ કેસ

## સે. ૨૯, ૨૭ માં ૩-૩, આઈઆઈટીમાં ૬, સરગાસણમાં ૫, સે. ૧૨, ૨૨, ૬ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૩૦, ૨૪, ૧૩, ૨ માં તેમજ વાવોલ, ઈન્ફોસીટી, રાયસણ, કુડાસણ, રાંદેસણમાં કેસ મળ્યા : ગાંધીનગર ગ્રામ્યમાં ૫ કેસ : કલોલમાં ૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ આજે તેનુ વિકરાળ સ્વરૂપ બતાવ્યુ છે. ગાંધીનગર શહેરમાં એક જ દિવસમાં ૩૨ કેસ અને ગ્રામ્યમાં ૧૧ કેસ નોંધાયા છે.

કોરોનાના આ વિકરાળ સ્વરૂપને લઈ તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે. આજે શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ પણ ત્રણ ટકાને પાર કરી જતાં તંત્રની ચિંતા વધી છે.

કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકો દ્વારા દાખવવામાં આવી રહેલી બેદરકારી અને જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. મહિલા, બાળ અને મોટીવયના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. લોકલ ટ્રાન્સમિશનથી જે ગતિએ લોકો સંક્રમિત થઈ મળી રહ્યા છે ત્યારે તંત્રએ પણ વેક્સિનેશન માટેની ઉદાસીનતા છોડવા અને કોરોનાની ગાઈડલાઈનના પાલનમાં ચૂક ન કરવા લોકોને અપીલ કરી છે.

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશન ઉપરાંત છુટા છવાયા ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા કેસો પણ મળી રહ્યા છે. શહેર-જિલ્લામાં કોરોનાના એકટીવ કેસોની સંખ્યા પણ ૧૧૮ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૩૨ કેસ નોંધાયા છે. ૯ વર્ષના બાળકથી લઈ ૮૪ વર્ષના વૃદ્ધ સંક્રમિત થયેલા મળી આવ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ત્રણ પરિવાર છે.

ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈઆઈટીમાં કોરોનાના આજે સૌથી વધુ કેસ મળ્યા છે. અહિંયાથી છ કેસ મળી આવ્યા છે.

અગાઉની લ્હેર વખતે સંવેદનશીલ બનેલ સરગાસણ ગામમાંથી પાંચ કેસ મળ્યા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૬ અને શહેરના સેકટરોમાંથી ૧૬ કેસ મળી આવ્યા છે.

શહેરના સે. ૨૯ અને સે. ૨૭માંથી ૩-૩ કેસ, સે. ૨૨, સે. ૧૨, સે. ૬ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૩૦, ૨૪, ૧૩ અને ૨ માંથી કેસો મળ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ વાવોલ, ઈન્ફોસીટી, આઈ.આઈ.ટી., સરગાસણ, રાયસણ, કુડાસણ અને રાંદેસણમાંથી કેસો મળેલ છે.

આજે નોંધાયેલા કેસમાં ૧૪ મહિલા દર્દી, ૪ દર્દી ૬૦ થી વધુ વયના અને ૪ દર્દી ટીનેજર્સ છે. આઈ.આઈ.ટી., સે. ૨૨ અને સે. ૨૭માં પરિવારોના સભ્યો સંક્રમિત થયેલા મળેલા છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા ૩૨ કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૭૪ પર પહોંચી છે. તંત્રે હોમ આઈસોલેશનમાં મોટાભાગના દર્દીઓ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. આ ઉપરાંત જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તેમજ સઘન સર્વેલન્સ માટે પણ સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર અને કલોલ તાલુકામાં જ આ કેસો નોંધાયા છે.

કલોલમાં રકનપુર ગામે એક મહિલા દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં પાંચ અને કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૭ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ થી ૮૦ વર્ષના લોકો સંક્રમિત થયેલા મળ્યા છે.

આજે અદાણી શાંતિગ્રામ, લવારપુર, સોનીપુરમાંથી એક-એક તો અડાલજમાંથી બે કેસ મળ્યા છે. કલોલ તાલુકાના બોરીસણા, હાજીપુર, ખાત્રજ, મોખાસમ, રકનપુર, સઈજ ગામેથી કેસ મળ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધઆયેલા કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૪૪ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૭૮૧ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરાયા છે.

## અમિત શાહના હસ્તે સ્વામિનારાયણ યુનિ.નું લોકાર્પણ

કલોલ, તા.૧

અષાઢી બીજનાં પવિત્ર દિવસે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહના અધ્યક્ષસ્થાને અને મેનેજિંગ ટ્રસ્ટી શાસ્ત્રી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજીની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ-કલોલના ઉપક્રમે નવનિર્મિત સ્વામિનારાયણ યુનિવર્સિટીનું લોકાર્પણ તેમજ નિર્માણાધિન ૭૫૦ બેડની પ્રેમસ્વરૂપ સ્વામી મલ્ટી-સ્પેશ્યાલીટી (PSM) હોસ્પિટલનો શિલાન્યાસ સમારોહ કલોલ ખાતે યોજાયો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ભારતમાં ધર્મની સાથે-સાથે શિક્ષણ, સંસ્કાર, આરોગ્ય અને વ્યસન મુક્તિ જેવા અનેક ક્ષેત્રે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સહિત અનેકવિધ સેવાભાવી સંસ્થાઓનું વ્યક્તિ, સમાજ અને દેશના ઘડતરમાં અનેરું યોગદાન રહેલું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# શહેરમાં સાંજે વરસાદી ઝાપટું : ઠેર ઠેર પાણી ભરાયા

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી રોજબરોજ હાઉકલી કરી જતા મેઘરાજા આજે સાંજે ધોધમાર વરસી પડયા હતા. રથયાત્રાના પવિત્ર દિવસે ભગવાન પર મેઘરાજાએ હેત વરસાવ્યુ હતુ જયારે છેલ્લા ઘણાં સમયથી આકરી ગરમીથી આકુળ વ્યાકુળ નગરજનો પણ વરસાદની કાગડોળે વાટ જોઈ રહ્યા હતા. આજે સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ઉકળાટનુ પ્રમાણ વધુ રહ્યુ હતુ. જયારે દિવસના અંતે સાંજના સમયે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયા હતા પવનના સુસવાટા સાથે વરસાદ વરસતા શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદી ઝાપટાના અંતે વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી હતી જયારે લાંબા સમયથી ગરમીથી ત્રસ્ત સેકટરવાસીઓએ વરસાદમાં ભીંજાવાની મજા માંણી હતી. વરસતા વરસાદમાં સેકટરોની શેરીઓમાં બાળકોએ પણ




ભીંજાવાનો આનંદ લીધો હતો.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી રોજબરોજ ગોરંભાયેલા વરસાદી વાદળો હાથતાળી આપી જતા નગરજનો આકરી ગરમીથી અકળાયા હતા જયારે રથયાત્રાાના પવિત્ર દિવસો સવારથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા જેના લીધે રથયાત્રા પર વરસાદના અમી છાંટણા વરસાશે તેવી આશ નગરજનોમાં પ્રબળ બની હતી જયારે સવારના વાદળિયા વાતાવરણના અંતો દિવસ દરમિયાન કોઈક ઠેકાણે વરસાદી છાંટણા વરસ્યા હતા જયારે બપોરના અંતે સાંજે ૬ વાગ્યના અરસામાં આકાશમાં અચાનક જ કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. સુસવાટા મારતા પવન સાથે અચાકજ વરસાદ વરસ્યો હતો. સે-૨૪ માં ભગવાન જગન્નાથજીના રથ પણ ધોધમાર ઝાપટુ વરસતા ભાવિકો પણ ગેલમાં આવી ગયા હતા. સેકટરોમાં પણ દિવસની ગરમીથી અકળાયેલા નગરજનો વરસાદની મજા માંણાવા શેરીઓમાં આવી ગયા હતા. બાળકોએ વરસાદમાં ભીંજાવાની મજા માણી હતી. છેલ્લા ઘણાં સમયથી મેઘરાજા રીસાયેલા રહેતા નગરજનો કાગડોળે વરસાદની વાટ નિહાળી રહ્યા હતા જયારે આજે સાંજે વરસાદી વાયરા સાથે ભારે વરસાદી ઝાપટા સાથે મેઘમહેર થતા સેકટરોમાં ચોમેર વરસાદી પાણી ઉભરાયુ હતુ. વરસાદી ઝાપટાના લીધે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે દિવસની ગરમીના અંતે સાંજે વરસાદ વરસતા સાંજના સમયે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. જો કે થોડીવારના ઝાપટા બાદ વરસાદ બંધ થઈ ગયો હતો પરંતુ મેઘરાજાએ રીસામણા મુકી દેતા હવે મનભરીને મેઘરાજા વરસશે તેવી આશ નગરજનોમાં પ્રબળ બની હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com